सत्यमेव जयते

| | |
|---|---|
| RECEIVED ONE | 01-06-2026 |
| REGISTERED ON | 01-06-2026 |
| DECIDED ON | 03-06-2026 |

| DURATION | | |
|---|---|---|
| YEAR:00 | MONTH:00 | DAYS:02 |

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

## ફોજદારી પરચુરણ અરજી નં. ૮૫૧/૨૦૨૬

**Ex - 7**

**સિધ્ધરાજ ગણપતભાઈ શિરવાડિયા,**
ઉ.વ.૨૧, ધંધો–અભ્યાસ,
રહે. સુંધલનગર સોસાયટી, ગામ ભલાસરા,
તા.થરાદ, જી. વાવ થરાદ, **........ અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** **........ સામાવાળા**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી એમ.કે.પરમાર,
રાજય સરકાર તર્ફે શ્રી.પી.ડી.વ્યાસ.

સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧૮૨૬ ૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ– ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(ડી)

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જજમેન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન,

ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ–૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૧૧/૦૪/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર ફરીયાદની હકીકત ઘ્યાને લેતાં કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. અમોને ખોટી રીતે અટક કરવામાં આવેલા છે. જેથી અમો નિર્દોષ છીએ.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, સમગ્ર ફરીયાદની હકીકત ઘ્યાને લેતાં તેઓએ પોતાના કે અન્ય વ્યકિતઓના નામે બેંક એકાઉન્ટ ખોલાવેલ નથી. તેમજ સાયબર ક્રાઈમના રૂપિયા સગેવગે કરવા એકાઉન્ટની વિગતો આપેલ નથી કે તે પેટે આર્થિક લાભ મેળવેલ નથી. ગુનો કરવા એકબીજાની મદદગારી કરેલ નથી. જેથી તેઓ નિર્દોષ છીએ.

**૨.૩** વિશેષમાં જણાવેલ છે કે, અમો અરજદાર સામે અન્ય કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. ખોટી રીતે હાલના ગુનામાં અટક કરવામાં આવેલા છે. સજાની જોગવાઈ ઘ્યાને લેતાં કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અદાલતની હકુમત છે. તપાસ કરનાર અમલદારની એફીડેવીટ ઘ્યાને લેતાં મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી છે. આ સંજોગોમાં અરજદાર સામે તપાસની કાર્યવાહી પેડીંગ હોય તેમ જણાતું નથી. જેથી શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રી.રાવલે રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી એ આ કામના સહ આરોપી કરસનભાઈ જોષીના કહેવાથી તેમની સાથે રહી બેંક ખાતાઓની કિટો લાવવા જવામાં મદદ કરી તેમજ અન્યના બેંક ખાતાઓ પુરા પાડી તેના બદલામાં કમીશન પેટે આર્થિક લાભ મેળવી ગુનો આચરેલ છે. આ કામના અરજદાર/આરોપીએ Bank of maharastra ખાતા નં. ૬૦૪૬૬ ૪૫૩૩૭૪ તથા

CITY UNION BANK ખાતા નં. 510909010302449 ની વિગતો મેળવી કિરણભાઈ કરસનભાઈને આપેલ જે પેટે રૂા.૩૦,૦૦૦/– રોકડામાં કમિશન પેટે આર્થિક લાભ મેળવેલ છે.

**3.૨** આ કામના અરજદાર પાસેથી Bank of maharastra ખાતા નં. ૬૦૪૬૬ ૪૫૩૩૭૪ ખાતાની પાસબુક તથા CITY UNION BANK ખાતા નં. 5109090 10302449 ની કોરા ચેક પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે. જેમાં Bank of maharastra ખાતા નં. ૬૦૪૬૬ ૪૫૩૩૭૪ વિરુધ્ધ NCCRP/ SAMANVYA પોર્ટલ ઉપર ચેક કરતા ACK No. 32412250041178 થી ODISHA ખાતેથી સાયબર ફ્રોડની અરજી મળી આવેલ છે. સદર બેંક ખાતામાં કુલ રૂા.૩૯,૮૪,૪૫૨ ડેબીટ થયેલા છે તથા રૂા.૩૯,૮૪,૪૫૨/– ના આર્થિક વ્યવહારો મળી આવેલા છે. જેથી આ કામના અરજદાર/આરોપી આ ગુનામાં સંડોવાયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, આ કામના સહ આરોપીઓની જામીન અરજીઓ સેસન્સ અદાલતે નામંજુર કરવાનો આદેશ કરેલો છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય તેમ છે. તપાસ નાજુક તબકકે છે. જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી આવા ગુનાઓ કરે તેમજ સાક્ષી પુરાવાને પણ નુકશાન પહોંચાડેલી તેવી શકયતા રહેલી છે. જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ઘ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

➢ આ કામના અરજદાર/આરોપી સામે સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ– ૩૧૮ (૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે. ફરીયાદીની હકીકત એવી છે કે, મળી આવેલ ઈસમો (૧) કિરણભાઈ કરશનભાઈ જોષી, ઉ.વ.૨૩, રહે. મુરલીધર પાર્ક, ગામ–થરાદ,

જી.વાવ થરાદ, મો.નં.૯૧૦૪૭૩૯૪૧૫, (૨) સિધ્ધરાજભાઈ ગણપતભાઈ શિરવાડિયા, ઉ.વ.૨૧, રહે. સુંધલ નગર સોસાયટી, ગામ–ભટાસણા, તા.થરાદ, જી.વાવ થરાદ, મોબાઈલ નં. ૯૮૨૪૧ ૮૦૫૩૯, (૩) મહેશભાઈ લાલજીભાઈ જોષી, ઉ.વ.૩૮, રહે.બ્રાહમણ વાસ, ગામ–શિરોહી, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા, મોબાઈલ નં. ૯૩૨૭૯૩૭૭૨૨, (૩) જીગરભાઈ રાજુભાઈ સોલંકી, હાલ રહે. ૩૬, તાજપુરા, આદર્શનગર સોસાયટી, પાલનપુર–૩૮૫૦૦૧, મુળ રહે. ગોરવાડી, રેલ્વે ક્રોસિંગ પાસે, પાલનપુર, બનાસકાંઠા, મોબાઈલ નં. ૮૪૬૯૭૪૯૬૦૫, (૫) પ્રકાશ ભાઈ રામજીભાઈ જોષી, ઉ.વ.૩૫, રહે. ગામ– તાણા, તા.ઓગડ, જી.બનાસકાંઠા, મોબાઈલ નં. ૯૧૫૭૩૪૩૪૭૧ તેમજ હાજર નહી મળી આવેલ ઈસમો (૧) જયદિપ ઠકકર ઉર્ફે જયેશ ઠકકર, રહે. રેલ્વે સ્ટેશન રોડ, દિયોદર મોબાઈલ નં. ૯૫૭૪૫૦૭૧૦૪ તથા (૨) વિષ્ણુભાઈ ભુરાભાઈ જોષી, રહે. ગામ–થાણા, તા.ઓગડ, જી.બનાસકાંઠા નાઓએ એક સંપ થઈ પોતાના તેમજ અન્ય બીજાના નામે બેંક ખાતાઓ ખોલી/ખોલાવડાવી સાયબર ક્રાઈમના રૂપિયા સગેવગે કરવા સારૂ બેંક ખાતાઓની વિગતો પુરો પાડી આર્થિક લાભ મેળવી એક બીજાની મદદગારી કરી, ગુનો આચરેક હોય જેથી ઉપરોકત પકડાયેલ ઈસમો તેમજ નાસતા–ફરતા ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(બી) મુજબના ગુના કરેલાના આક્ષેપો છે.

- બન્ને પક્ષકારોની દલીલો તથા રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતાં આ કામના અરજદારે સહ આરોપી કરસનભાઈ જોષીના કહેવાથી તેમની સાથે રહી બેંક ખાતાઓની કિટો લાવવા જવામાં મદદ કરી તેમજ અન્યના બેંક ખાતાઓ Bank of maharastra ખાતા નં. ૬૦૪૬૬ ૪૫૩૩૭૪ તથા CITY UNION BANK ખાતા નં. 510909010302449 ની વિગતો મેળવી કિરણભાઈ કરસનભાઈને આપેલ જે પેટે રૂા.૩૦,૦૦૦/– રોકડામાં કમિશન પેટે આર્થિક લાભ મેળવેલ છે. જે પૈકી

Bank of maharastra ખાતા નં. ૬૦૪૬૬ ૪૫૩૩૭૪ ખાતાની પાસબુક તથા CITY UNION BANK ખાતા નં. 5109090 10302449 ની કોરા ચેક પંચનામાની વિગતે અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે.

- Bank of maharastra ખાતા નં. ૬૦૪૬૬ ૪૫૩૩૭૪ વિરુઘ્ઘ NCCRP/ SAMANVYA પોર્ટલ ઉપર ચેક કરતા ACK No. 32412250041178 થી ODISHA ખાતેથી સાયબર ફ્રોડની અરજી મળી આવેલ છે. સદર બેંક ખાતામાં રૂા.૩૯,૮૪,૪૫ર/– ના આર્થિક વ્યવહારો મળી આવેલા છે. જેથી આ કામના અરજદાર/આરોપી આ ગુનામાં સંડોવાયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે.
- અરજદાર/આરોપી આ ગુનાના મુખ્ય આરોપી છે. આ કામના સહ આરોપીઓની ક્રિ.પ.અ. નં. ૬૪૯/૨૦૨૬, ૬૩૬/૨૦૨૬, ૬૪૨/૨૦૨૬, ૬૫૫/૨૦૨૬, ૭૮૨/૨૦૨૭ તથા ૮૩૬/૨૦૨૬ ની જામીન અરજીઓ સેસન્સ અદાલત ઘ્વારા નામંજુર કરવામાં આવેલ છે. તપાસ નાજુક તબકકે છે. તપાસ દરમ્યાન મહત્વની વિગતો મળી આવે તેમ છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય તેમ છે. તેમજ સાક્ષી પુરાવાને પણ નુકશાન પહોંચાડેલી તેવી શકયતા રહેલી છે. જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2017 S.C. 5398, ANILKUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય.

**૫.** ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં અરજદાર/આરોપીએ સહ આરોપી કરસનભાઈ જોષીના કહેવાથી તેમની સાથે રહી બેંક ખાતાઓની કિટો લાવવા જવામાં મદદ કરી તેમજ અન્યના બેંક ખાતાઓ પુરા પાડી મોટા પ્રમાણમાં સાયબર ફ્રોડના ગુનાને અંજામ આપી તે પેટે મોટી રકમનું કમીશન પ્રાપ્ત કરેલી છે. તપાસ નાજુક તબકકે છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાથી શકયતા નકારી શકાય

તેમ નથી. તેથી ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર ને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

(૧) અરજદાર/આરોપી **સિધ્ધરાજ ગણપતભાઈ શિરવાડિયા,** ઉ.વ.૨૧, ધંધો- અભ્યાસ, રહે. સુંધલનગર સોસાયટી, ગામ ભલાસરા, તા.થરાદ, જી. વાવ થરાદ નાઓની સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧ ૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ- ૩૧૮ (૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬ (ડી) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ**-૦૩**[મી] માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૩-૦૬-૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/